# Press Statement on Armenia Azerbaijan Conflict

October 01, 2020

## આર્મેનિયા અઝરબૈજાન વિગ્રહ પર પ્રેસ સ્ટેટમેન્ટ

ઓક્ટોબર 01, 2020

અમે આર્મેનિયા-અઝરબૈજાન સીમા પર આવેલા નાગાર્નો-કારાબાખ પ્રાંતમાં યુદ્ધ ફરીથી ચાલું થવાનાં ખલેલ પહોંચાડનારા અહેવાલો જોયા છે જે 27 સપ્ટેમ્બર 2020 નાં રોજ વહેલી સવારથી ફાટી નિકળ્યું હતું અને બન્ને પક્ષે જાનહાનિઓમાં પરિણમ્યું છે.

ભારત આ પ્રાંતિય શાંતિ અને સુરક્ષામાં જોખમરૂપ પરિસ્થિતિ પર ચિંતિત છે. અમે બન્ને પક્ષોએ તાત્કાલિક યુદ્ધ બંધ કરવાની, નિયંત્રણ જાળવવાની અને સીમા પર શાંતિ જાળવી રાખવા તમામ સંભવિત પગલાઓ લેવાની જરૂરીયાતનું પુનઃઉચ્ચારણ કરીએ છીએ. ભારત માને છે કે વિગ્રહોનું કોઈપણ કાયમી નિરાકરણ માત્ર રાજદ્વારી વાટાઘાટો દ્વારા જ શાંતિપૂર્ણ રીતે હાંસલ કરી શકાય છે.

આ સંદર્ભમાં, આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચે વિગ્રહનાં શાંતિપૂર્ણ નિરાકરણ માટેનાં OSCE મિન્સ્ક ગ્રુપનાં સતત પ્રયાસોને સમર્થન આપીએ છીએ.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 01, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.